## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ ખાતે નાબાર્ડ, દાહોદ દ્વારા "ખેડુતોની આવક બમણી કરવાની વ્યુહરચનાઓ" પર વર્કશોપનુ આયોજન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે નાબાર્ડ, દાહોદ દ્વારા તારીખ ૨૫/૧૧/૨૦૧૬ના રોજ **"ખેડુતોની આવક બમણી કરવાની વ્યુહરચનાઓ"** વિષય ઉપર વર્કશોપ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં નાબાર્ડ, દાહોદના ડી.ડી.એમ. શ્રી નીતીનભાઇ ચૌગુલેએ વર્કશોપ અંગેની પ્રસ્તાવના, ઇનચાર્જ ડી.જી.એમ. શ્રી રાજેશ દવેએ 'ડાઇવર્સીફાઇડ કૃષિ', કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. યુ. એમ. પટેલે 'કૃષિમાં બમણી આવક કરવાની વ્યુહરચનાઓ' ડો. એસ. કે. પટેલે વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી) 'મુલ્ય વર્ધન દ્વારા આવક બમણી કરવાની વ્યુહરચનાઓ' અને ડો. પાન્ડે (સદગુરૂ ફાઉન્ડેશન)એ 'બાગાયતમાં આવક બમણી કરવાની વ્યુહરચનાઓ' જેવા વિષયો પર ઉદબોધન આપેલ અને વર્કશોપમાં ભાગ લેનાર તમામને આ વિવિધ વ્યુહરચનાઓને અપનાવવા પ્રેરિત કરેલ. આ કાર્યક્રમમાં કુલ ૩૩ ખેડુત ભાઇ-બહેનો તેમજ ૧૨ જેટલા અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



ઉદઘાટન કાર્યક્રમ



ડો. યુ. એમ. પટેલનું ઉદબોધન



કાર્યક્રમમાં ભાગ લેનાર ખેડુત ભાઇ-બહેનો અને અધિકારીઓ